દિલ્હી ઘટનાના પડઘા પાદરામાં, વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી સામે કોંગ્રેસનો આક્રોશ

નીટ પરીક્ષા મુદ્દે વિદ્યાર્થીઓના સમર્થનમાં પાદરા કોંગ્રેસ રસ્તા પર : આગેવાનોની અટકાયત

સરદાર પટેલની પ્રતિમાથી એસ.ટી. ડેપો સુધી કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

(પ્રતિનિધિ) પાદરા, તા.22

રાજધાની દિલ્હીમાં નીટ (NEET) પરીક્ષા મુદ્દે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના વિરોધમાં બુધવારે પાદરા શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું હતું. કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે કોંગ્રેસના કાર્યકરોએ પ્લેકાર્ડ દર્શાવી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી પાદરા પોલીસ મથકે ખસેડ્યા હતા.

કોંગ્રેસ દ્વારા આયોજિત કાર્યક્રમ અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતે આગેવાનો અને કાર્યકરો એકત્રિત થયા હતા. સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ પ્લેકાર્ડ સાથે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કાર્યકરો પાદરા એસ.ટી. ડેપો તરફ કૂચ કરી કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

આ પ્રસંગે વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જશપાલસિંહ પઢિયારે જણાવ્યું હતું કે, દિલ્હીમાં વિદ્યાર્થીઓ પોતાની વાજબી માંગણીઓ માટે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહ્યા છે, છતાં તેમની વાત સાંભળવાને બદલે તેમના પર પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો છે, જે લોકશાહી પર કલંક સમાન છે. વિદ્યાર્થીઓને ન્યાય મળે અને જવાબદાર લોકો સામે કાર્યવાહી થાય તે માટે કોંગ્રેસ સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે.

વિરોધ પ્રદર્શનમાં પાદરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હાર્દિકભાઈ પટેલ, પાદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેન્દ્રસિંહ પરમાર, વકીલ ઈમ્તિયાઝ વ્હોરા, અનવર ગરાસિયા સહિત કોંગ્રેસ અને યુવા કોંગ્રેસના આશરે 25 જેટલા કાર્યકરો જોડાયા હતા.

વિરોધ પ્રદર્શનને પગલે પાદરા પોલીસે અગાઉથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. કોંગ્રેસના કાર્યકરો એસ.ટી. ડેપો પાસે વિરોધ નોંધાવી રહ્યા હતા ત્યારે પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ જશપાલસિંહ પઢિયાર સહિત કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી તેમને પાદરા પોલીસ મથકે લઈ જવાયા હતા. અટકાયતને લઈને કાર્યકરોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

પ્રાંત અધિકારી અને મામલતદારને આવેદનપત્ર આપી જવાબદારો સામે કાર્યવાહીની માંગ

NEET મુદ્દે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના વિરોધમાં સાવલી વકીલ મંડળનું આવેદન

(પ્રતિનિધિ) સાવલી, તા.22

સાવલી વકીલ મંડળ ના વકીલો દ્વારા નીટ પરીક્ષા મુદ્દે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જનો ઉગ્ર વિરોધ કરી ને મામલતદાર અને પ્રાંત ને આવેદનપત્ર પાઠવ્યું હતું.

દેશ ના વિવિધ વિસ્તાર ના વિધાર્થી ઓ દ્વારા જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર બળપ્રયોગ કરી લાઠી ચાર્જ ના સમગ્ર દેશમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને સમગ્ર દેશ નિંદા કરી રહ્યો છે. તેવામાં સાવલી વકીલ મંડળના વકીલો દ્વારા સમગ્ર બનાવને કડક શબ્દોમાં વખોડી કાઢ્યો છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરી વિદ્યાર્થીઓને ન્યાય આપવાની માંગ કરી છે. આજરોજ સાવલી વકીલ મંડળના હોદ્દેદારો અને સભ્યો દ્વારા પ્રાંત અધિકારી અને મામલતદારને નારેબાજી કરીને આવેદનપત્ર પાઠવ્યું છે. અને વિદ્યાર્થીઓના હિતમાં કેન્દ્ર સરકાર યોગ્ય પગલાં ભરે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે વકીલ અગ્રણી શરદ ભાઈ પરમારે જણાવ્યું હતું કે વિધાર્થી ઓ એ દેશનું ભવિષ્ય છે અને દરેક દેશ વાસી ઓને પોતાની માંગ અને ન્યાય માટે આંદોલન અને સત્યાગ્રહ એ બંધારણીય અધિકાર છે. અને દેશના ભવિષ્ય સમાન યુવાનો સાથે આ રીતે લાઠી ચાર્જ કરવો એ અત્યાચાર છે અને તેના માટે દોષિતો સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગ છે.

સંક્ષિપ્ત સમાચાર

સંખેડાની જીઆઈ ટેગ ધરાવતી કાષ્ઠકલાનું દસ્તાવેજીકરણ : ડો. સાધના ટાંકના સંશોધન ગ્રંથનું વિમોચન

સંખેડા : વિશ્વ વિખ્યાત અને જીઆઈ ટેગ પામેલી સંખેડાની કાષ્ઠકલા અહીં વસતા ખરાદી સમાજની પરંપરાગત કલાત્મક કોતરણી, સોનેરી લાખ અને કલઈની હસ્તકલા માટે જાણીતી છે. આ અનોખી કલાના વારસાને હવે ગ્રંથસ્થ કરવામાં આવ્યો છે. લોકસાહિત્ય અને કલા-સંસ્કૃતિના સંશોધનમાં રસ ધરાવતા સંખેડા કોલેજના ગુજરાતી વિભાગના અધ્યાપિકા ડો. સાધનાબેન ટાંકે આ કલા પર ઊંડો અભ્યાસ કર્યો. સંખેડાની કાષ્ઠકલાના પરંપરાગત વારસા અને તેની વૈશ્વિક ઓળખમાં રસ લઈને તેમણે ગામમાં ઠેર-ઠેર ક્ષેત્રકાર્ય કર્યું. ખરાદી સમાજના કુશળ કારીગરો, જૂની-નવી પેઢીઓ અને કલાના જાણકારો પાસેથી માહિતી એકત્ર કરીને ડો. સાધનાબેને સંશોધનાત્મક અભ્યાસ હાથ ધર્યો. આ મહત્વના કાર્યમાં કલાના સાંસ્કૃતિક વારસાના સંવર્ધન માટે કાર્યરત પ્રખ્યાત સંસ્થા "કલાતીર્થ સંસ્કૃતિ સંશોધન સંસ્થા" અને તેના અધ્યક્ષ શ્રી રમણિકભાઈ ઝાપડીયાનો મહત્વનો સહકાર મળ્યો. આ સહકારના પરિણામે સંખેડાની કાષ્ઠકલાનું સુદૃઢ દસ્તાવેજીકરણ શક્ય બન્યું.

D.El.Ed. અભ્યાસક્રમ શરૂ કરવા સાંસદ જશુભાઈ રાઠવાની રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત

છોટાઉદેપુર : છોટાઉદેપુર લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવાએ જિલ્લાના વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણના હિતને ધ્યાનમાં રાખી રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મંત્રી ડો. પ્રધુમન વાજાને પત્ર લખી છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) ખાતે D.El.Ed. (પી.ટી.સી.) અભ્યાસક્રમ શરૂ કરવાની માંગ કરી છે. સાંસદે રજૂઆતમાં જણાવ્યું છે કે હાલમાં છોટાઉદેપુર જિલ્લામાં સરકારી D.El.Ed. કોલેજ ઉપલબ્ધ ન હોવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અન્ય જિલ્લાઓમાં જવું પડે છે. આર્થિક રીતે નબળા તેમજ આદિવાસી પરિવારોના વિદ્યાર્થીઓ માટે બહાર જઈ અભ્યાસ કરવો મુશ્કેલ બનતો હોવાથી ઘણા વિદ્યાર્થીઓ શિક્ષક બનવાનું સ્વપ્ન અધૂરું છોડે છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે છોટાઉદેપુર DIET ખાતે જરૂરી શૈક્ષણિક માળખું, અનુભવી અધ્યાપકો તથા અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી અહીં D.El.Ed. અભ્યાસક્રમ સરળતાથી શરૂ કરી શકાય છે. આ અભ્યાસક્રમ શરૂ થવાથી છોટાઉદેપુર સહિત આસપાસના જિલ્લાઓના વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે ગુણવત્તાસભર શિક્ષક તાલીમ મળશે, આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારના યુવાનોને શિક્ષક બનવાની વધુ તક મળશે તેમજ રાજ્યને પ્રશિક્ષિત અને ગુણવત્તાસભર શિક્ષકો મળશે.

છોટાઉદેપુર ખાતે નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે સ્વાગત અને અભિમુખીકરણ કાર્યક્રમ યોજાયો

છોટાઉદેપુર: નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તથા શ્રી શાંતિલાલ ગોરધનદાસ પટેલ કોમર્સ કોલેજ, છોટાઉદેપુર ખાતે પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર નવપ્રવેશિત વિદ્યાર્થીઓ માટે સ્વાગત અને અભિમુખીકરણ કાર્યક્રમ તા. 17-07-2026, શુક્રવારના રોજ કોલેજ પરિસરમાં ઉત્સાહભેર યોજાયો. કાર્યક્રમનો મુખ્ય હેતુ નવા વિદ્યાર્થીઓને કોલેજના શૈક્ષણિક વાતાવરણ, વિવિધ પ્રવૃત્તિઓ, વહીવટી પ્રક્રિયાઓ અને ભાવિ તકો અંગે માહિતગાર કરી તેમના સર્વાંગી વિકાસ માટે પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમનો પ્રારંભ ભારતીય સંસ્કૃતિના પ્રતિકરૂપ દીપપ્રાગટ્ય સાથે થયો. ત્યારબાદ કાર્યક્રમના સંયોજિકા ડો. મોનલ દેસાઈ દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, અધ્યાપકગણ તથા નવપ્રવેશિત વિદ્યાર્થીઓનું હાર્દિક શબ્દો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન કોલેજના તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફનો પરિચય વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયાથી લઈને અંતિમ પરિણામ સુધીની સમગ્ર વહીવટી વ્યવસ્થા, કોલેજની આંતરિક પરીક્ષા, યુનિવર્સિટી પરીક્ષા, નિયમો તથા શૈક્ષણિક પ્રક્રિયાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું.

છોટાઉદેપુર આવેલ ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલ ઝાબ ખાતે ટીબી અને એચઆઇવી રોગો માટે જાગૃતતા કાર્યક્રમ યોજાયો

છોટાઉદેપુર : પાવીજેતપુર તાલુકાના ઝાબ ખાતે સરકારી ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલ માં ટીબી એચઆઇવી હિપેટાઇટિસ સિકલસેલ સહિત ના રોગો વિશે વિદ્યાર્થીઓને જાણકારી મળી રહે તે માટે જાગૃકતા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં જિલ્લા ક્ષય અધિકારી ડો બીએમ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંક્રમિત રોગો વિશે ના લક્ષણો તપાસ અને સારવાર વિશે તેમજ રોગોનાં અટકાયતી પગલાં બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી તેમને જણાવ્યું હતું કે સમુદાય માં દરેક વ્યક્તિ ને રોગો ના લક્ષણો વિશે સામાન્ય જાણકારી હોવી જોઈએ અને સરકાર દ્વારા તેના નિદાન અને ઉપલબ્ધ સારવાર ક્યાં મળે છે તે વિશે પણ લોકો માહિતગાર હોય તે જરૂરી છે તેમ જણાવ્યું હતું. કાર્યક્રમ ના અંતે ટીબી મુક્ત ભારત માટે શપથગ્રહણ કરવામાં આવ્યા હતા. યોજાયેલ કાર્યક્રમ માં જિલ્લા ટીબી એચઆઇવી કો-ઓર્ડીનેટર વાલસિંગભાઈ રાઠવા એ પણ ટીબી રોગ અને સારવાર વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

એલસીબીના બે કોન્સ્ટેબલો પર હેરાનગતિના આક્ષેપ

સાવલી સેવા સદન ખાતે પરિવારનો આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ

(પ્રતિનિધિ) સાવલી, તા.22

સાવલી તાલુકાના યુવકે પરિવાર સાથે સાવલી તાલુકા સેવા સદન ખાતે એલ સી બી ના બે કોન્સ્ટેબલો સામે આક્ષેપ કરી આત્મવિલોપનનો પ્રયાસ કરતા સાવલી પોલીસે નિષ્ફળ બનાવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે આજરોજ સાંજના સમયે વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલ પરિવારે તાલુકા સેવા સદન ખાતે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો જેને સાવલી પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો બનાવના પગલે ભારે લોક ટોળા ભેગા થઈ ગયા હતા અને ભારે કુતૂહલ ફેલાયું હતું આ બાબતે યુવક ના પરિવારજન કિંજલબેન માળી એ આક્ષેપ કર્યો હતો કે ગત તારીખ 28/6 ના રોજ રાત્રિના સમયે બે કોન્સ્ટેબલ આવીને અમારા પરિવારજનોને હેરાનગતિ કરે છે લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના કોસ્ટેબલ ચિરાગ અને જીતુભા નામના પોલીસ કોન્સ્ટેબલ પર કર્યા આક્ષેપ કર્યા હતા.

જ્યારે આ બાબતે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ આ પ્રયાસ કરનાર ઈસમ કિરણ પૂનમ માળી અને પૂનમ જયંતિ માળી રહે સાવલી બંને બાપ દીકરા પર ક્વોલિટી કેસ પોલીસે કરેલ છે તારીખ 19 9 2025 ના રોજ સાવલી ભાદરવા રોડ પર આવેલ બગલી વાળી નદીમાં વિદેશી દારૂની 969 નંગ બોટલો કિંમત રૂપિયા 2,61,864 ના મુદ્દા માલ સાથે પૂનમભાઈ જયંતીભાઈ માળી રહે ભાદરવા ચોકડી સાવલી સામે ગુનો નોંધાયેલ છે.

ગોલાગામડી ચોકડીએ S.T. બસમાંથી ૧૫ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 22

મળેલી બાતમીના આધારે પોલીસે છોટાઉદેપુર-વડોદરા રૂટની GJ 18 JT 3531 બસને ગોલાગામડી ચોકડીએ રોકી ચેક કરી. બસમાં પાછળની સીટ પર બેઠેલા કાંતિભાઈ દલસિંહભાઈ તોમર, ઉંમર 18, રહે. અલીરાજપુર પાસેથી 2 સ્કુલ બેગમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની 180mlની 30 બોટલ અને કિંગફિશર બીયરના 12 ટીન મળી આવ્યા. સાથે એક વીવો મોબાઈલ પણ કબજે કરાયો. કુલ 15,080 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ બહાદરપુર પોલીસે પ્રોહી કલમ 65-એ.એ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શંકરપુરા તળાવમાંથી ૩૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 22

વડોદરા જિલ્લા ના વરણામા પોલીસ સ્ટેશન ની હદ વિસ્તાર ના શંકરપુરા ગામ પાસે ની હરિયાળી હોટલ પાછળ આવેલ તળાવ માંથી 35 વર્ષીય અજાણ્યા યુવાન ની લાશ મળી આવી હતી. પોલીસે સ્થળ પંચક્યાસ કરી યુવક ની ઓળખ છતી કરવાના દિશામાં તપાસ હાથ ધરી છે.

વરણામા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારના શંકરપુરા ગામ પાસે આવેલ હરિયાળી હોટલ પાછળ આવેલ તળાવમાં ગત 20 મી જુલાઈ ના રોજ 35 વર્ષીય અજાણ્યો યુવક બપોર ના સમયમાં નાહવા પડ્યો હતો.જે ઊંડા પાણીમાં ગરક થઈ જતા તેનું મોત નીપજ્યું હતું. ત્યારે સ્થાનિક રહીશ ક્રિષ્નાભાઈ દશરથભાઈ પટેલ એ તળાવના પાણી પર તરતો તેનો મૃતદેહ જોતા વરણામા પોલીસ ને જાણ કરી હતી. જેથી બીટ જમાદાર પ્રભાતસિંહ જમનાદાસ એ સાથી પો.કો.જવાન ને સાથે રાખી સ્થળ પર પહોંચ્યા હતા. જે બાદ માં તરવૈયાઓની મદદથી લાશ ને બહાર કાઢી સ્થળ પંચક્યાસ કરી લાશ અજાણ્યા યુવકની હોય સયાજી હોપિટલ ખાતે કોલ્ડરમ માં મોકલી આપી હતી.મૃતક ની ઉમર, શરીરનો બાંધો,રંગ અને ચહેરા નિશાન આધારે તેની ઓળખ છતી કરવા લોકસંપર્ક થી માંડીને સોશ્યલ મીડિયા અને બાતમીદારો સહિતનો સંપર્ક કરી તપાસ હાથ ધરી છે.

બે મહિનામાં મારામારી અને તોડફોડના અનેક બનાવો

ડભોઈમાં છાશવારે લોકટોળા દ્વારા તાયફાઓથી કાયદો વ્યવસ્થા કથળી

(પ્રતિનિધિ) ડબોઇ, તા.22

ડભોઈ માં પાછલા બે માસ માં જુદાજુદા કારણો ને લઈ જાહેર માં લોકટોળા ઉમટી પડી મારામારી અને તાયફાઓ થઈ રહ્યા છે. પોલીસ ની કામગીરી ની રીતભાત જ જુદી હોય પરિસ્થિતિ પર અંકુશ મેળવવાના નિષ્ફળતા મળી રહી છે.

ડભોઈ માં પાછલા બે માસ માં સાત જેટલા ટોળાબંધી જગડા ના બનાવો તો વળી પોલીસ ચોકી પાસે જ કાર ની તોડફોડ અને પોલીસ ચોકી પાસે દારૂ બિયર ના ટીન ની બેગ ભરી થાર જીપ સાથે વિદેશી વિદ્યાર્થીઓ ટલ્લી થઈ પીધેલી હાલત માં જ અકસ્માતો કરતા લોકટોળા એ ઝડપી પાડ્યા હતા. બનાવો ની વાત કરીએ તો ડભોઇ નગર ની વડોદરી ભાગોળ પાસે પાણીપુરી ખાવા ઉભેલા મોટર સાયકલ ચાલક સાથે કાર ચાલક ને જગડો થયો હતો. જ્યાં જનતાનગર સોસાયટી માં બે મુસ્લિમ પરિવારો વચ્ચે થયેલ મારામારી માં પોલીસે સમયસર કાર્યવાહી ના કરતા બીજા દિવસે મોટું સ્વરૂપ ધારણ થતા ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. જેમાં પોલીસે વિડિઓ જોઈ આરોપી બનાવ્યા હતા.જ્યારે મંડાળા ગામે સરપંચ અને ગામ ના ખેડૂત વચ્ચે ઝગડો થતા બનાવ સ્થળે ટોળેટોળા ઉમટી પડ્યા હોવાના વીડિયો વાયરલ થયા હતા. જે બાદ માં કાયાવરોહણ ગામે લવ મેરેજ ની બાબત ને લઈ ધીંગાણું સર્જાયું હતું.

પોલીસ હુમલા કેસમાં વધુ બે આરોપી પાસા હેઠળ જામનગર જેલમાં ધકેલાયા

કુલ છ આરોપીઓને પાસા હેઠળ ભુજ અને જામનગર જેલમાં મોકલાયા

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 22

ડભોઇ પોલીસે ચાર જેટલા પોલીસ હુમલા ના આરોપી ઓને પાલારા (ભૂજ) ની જેલ મા ધકેલતા હડકંપ મચી ગયો છે બીજા આજે બે આરોપી ઓને જામનગર જેલ ખાતે મોકલી આપેલ છે.

પોલીસ સુત્રો માંથી મળેલ માહિતી મુજબ ગત ૩/૬/૨૦૨૬ ના રોજ બપોર ના સમયે ફરજ પરના પોલીસ કર્મી ઓ પર શારીરિક ઈજા ઓ પહોચાડેલ જેની સામે પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૯ (૧), ૧૮૯(૨),૧૯૦, ૧૯૧ (૨), ૧૯૧(૩), ૧૧૫, ૨૨૧, ૧૨૧ (૧) મુજબ ગુનો દાખલ કરેલ આ આરોપી ઓને પાસા માટે ડભોઈ ના પી.આઈ. એ દરખાસ્ત કરી જિલ્લા કલેકટર તરફ મોકલી આપેલ જે મંજૂર થતા પાસા અટકાયતી નુ વોરંટ કાઢી ચારે આરોપી ઓને વિવિધ ટીમો બનાવી ઝડપી પાડેલ જેમાં વારીસ અલી લિયાકત અલી સૈયદ રે. રાજપીપળા, સિકંદર ફારુક ગરાસિયા રે. પોલીસ લાઈન પાસે, પરવેઝ ઉર્ફે રાજા સિકંદર ગરાસિયા રે.પોલીસ લાઈન પાછળ અને સૈયદ આસીફ અલી મહેબૂબ અલી રે. પત્રકાર સોસાયટી જે.પી.પોલીસ સ્ટેશન તાંદલજા ની ધરપકડ કરી પાલરા ભુજ ખાતે મોકલી આપેલ જયારે આજે બીજા બે આરોપી ઓ બદરુદિન કાલુમીયા સૈયદ અને સરફુદિન ઉર્ફે સોહાન ઉ.વ.૧૯ ને જામનગર જેલ ખાતે પાસા મા મોકલી આપેલ છે પોલીસ હુમલા મા કુલ છ આરોપી ઓને પાસા હેઠળ મોકલી આપેલ છે આ ઓપરેશન ને સફળ બનાવવા ડભોઈના પી.આઈ એ.ટી.પટેલ, અને એમની ટીમે સફળ કામગીરી બજાવી છે.

વડોદરામાં શિક્ષકો માટે 'હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ' વર્કશોપ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ની જોગવાઈઓ અનુસાર વિદ્યાર્થીઓના સર્વાંગી મૂલ્યાંકન માટે તૈયાર કરવામાં આવેલ 'હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ' ના સુદ્રઢ અમલીકરણ અર્થે તા. ૨૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ વડોદરાની બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી ખાતે મધ્ય ઝોન કક્ષાના એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના મધ્ય ઝોનમાં સમાવિષ્ટ વડોદરા, દાહોદ, આણંદ, ખેડા, છોટાઉદેપુર, મહીસાગર અને પંચમહાલ જિલ્લાઓમાંથી પાયલોટ પ્રોજેક્ટ માટે પસંદ કરાયેલી શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓને નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ખત્રી વિદ્યાલયનો તાલુકા કક્ષાએ દબદબો: વોલીબોલ અને એથલેટિક્સમાં તમામ વયજૂથમાં પ્રથમ સ્થાન

અંડર-૧૪, ૧૭ અને ૧૯ના ભાઈ-બહેનોના તમામ વિભાગમાં ખત્રી વિદ્યાલયનો વિજય

(પ્રતિનિધિ) બોડેલી, તા. 22

બોડેલી તાલુકા કક્ષાની શાળાકીય વોલીબોલ સ્પર્ધામાં ખત્રી વિદ્યાલયે શાનદાર પ્રદર્શન કરીને અંડર-14, અંડર-17 અને અંડર-19 એમ ત્રણેય વયજૂથમાં ભાઈઓ તથા બહેનોની તમામ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી તાલુકામાં આગવું સ્થાન મેળવ્યું છે. ખત્રી વિદ્યાલય ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 18 ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેલાડીઓએ રમતગમતની ભાવના સાથે ઉત્તમ રમતનું પ્રદર્શન કર્યું હતું. જેમાં ખત્રી વિદ્યાલયે તમામ વયજૂથમાં

વિજય મેળવી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી હતી. આ ઉપરાંત જબુગામ ખાતે યોજાયેલી તાલુકા કક્ષાની એથલેટિક્સ સ્પર્ધામાં પણ શાળાના વિદ્યાર્થીઓએ ગોળાફેંક, ચક્રફેંક અને વિવિધ દોડ સ્પર્ધાઓમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

તાલુકા કક્ષાએ વિજેતા બનેલા ખેલાડીઓ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં બોડેલી તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે, જે શાળા અને સમગ્ર તાલુકા માટે ગર્વની બાબત છે. શાળાના આચાર્ય યુ.વાય. ટપલા, વ્યાયામ શિક્ષક એમ.એમ. ઠાકોર તેમજ ટ્રસ્ટી મંડળે તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને શાળા અને તાલુકાનું નામ રોશન કરવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

અંકલેશ્વરમાં DRIનો મોટો દરોડો : સિન્થેટીક ડ્રગ્સ લેબ ઝડપાઈ

(પ્રતિનિધિ) અંકલેશ્વર, ભરૂચ, તા. 22

ગુજરાતના ગૃહમંત્રી દ્વારા ભરૂચ જિલ્લામાં માદક દ્રવ્યોના જાહેર નાશ બાદ માત્ર બીજા જ દિવસે કાયદા અમલીકરણ એજન્સીઓએ મોટી સફળતા મેળવી છે. દિલ્હી અને સુરતની DRI (ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ)ની સંયુક્ત ટીમે અંકલેશ્વરની સીમમાં આવેલા ગડખોલ ગામે એક રહેણાંક મકાનમાં ગુપ્ત રીતે ચાલતી સિન્થેટીક ડ્રગ્સ લેબ ઝડપી પાડી છે. ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે કાર્યવાહી કરતી ટીમોએ ભાવના ફાર્મ સોસાયટીમાં આવેલી મિલકત પર છાપો માર્યો. ત્યાં ઔદ્યોગિક સ્તરે મેફેડ્રોન (MD) બનાવવા માટે વિસ્તૃત સેટઅપ મળી આવ્યો. અધિકારીઓને 5 થી 7 જેટલા વિવિધ ઔદ્યોગિક રસાયણો, સફેદ પાવડર અને મોટા પ્રમાણમાં કાચો માલ મળી આવ્યો છે.

જાહેર નોટીસ

જન્મ-મરણ નોંધણી અરજી નં. ૧૧૬/૨૦૨૬

અરજદારશ્રી :- રાજેન્દ્રકુમાર રમેશચંદ્ર પરમાર રહે, ૧૨/એ સાશ્વત એપાર્ટમેન્ટ, ગાંધીનગર સોસાયટી પાસે, સી.એન.આઈ.ચર્ચ પાસે, મણિનગર, ઈસ્ટ અમદાવાદ

વિરૂધ્ધ

પ્રતિવાદીશ્રી :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ), વડોદરા મહાનગર પાલિકા

જન્મ - મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯ ની કલમ -૧૩ પેટાકલમ - (૩) હેઠળની અરજી અન્વયે આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાજેન્દ્રકુમાર રમેશચંદ્ર પરમાર રહે, ૧૨/એ સાશ્વત એપાર્ટમેન્ટ, ગાંધીનગર સોસાયટી પાસે, સી.એન.આઈ.ચર્ચ પાસે, મણિનગર, ઈસ્ટ અમદાવાદ નાઓએ તેઓના પોતે-રાજેન્દ્રકુમાર રમેશચંદ્ર પરમારનુ જન્મ તા.૩૦/૦૭/૧૯૬૬ના રોજ, ખાસવાડી, વડોદરા ખાતે થયેલ હોય પરંતુ જે તે સમયે જન્મની નોંધણી શરતચુકથી સબંધીત જન્મ - મરણ રજીસ્ટ્રારશ્રીની કચેરી ખાતે કરાવાની રહી ગયેલ હોય તે જન્મની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જે આ અરજી અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦(ત્રીસ) દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા અરજદારશ્રીની માંગણી મુજબની જન્મ નોંધણી અંગેની આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૦/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

(બી. પી. ઈટાળીયા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વડોદરા શહેર (પૂર્વ)